**બોટાદના મહે એડી. ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ. બોટાદ**

**ફોજદારી કેસ નંબર :-1000/2023**

**આંક-**

## <u>હુ ક મ</u>

**૧.** આ કામના આરોપી સામે ઇ.પી.કોડની કલમ-૨૮૩ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ સદર કલમ અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે આરોપીને પુછતા તેઓએ સ્વેચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઇ, તો નહી માનવા માટે કોઇ કારણ નથી, જેથી આરોપીની કબુલાત ધ્યાને લઇ તેમને સજા અંગે પુછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ આ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## ** <u>હુ ક મ</u> **

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ - ૨૫૨ અન્વયે ઇ.પી.કોડની કલમ - ૨૮૩ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રુ.૧૦૦/- ( અંકે રુ.એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન - ૦૧(એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૯, માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ :- બોટાદ
**<u>સ્પેશીયલ સીટીંગ</u>**

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ
બોટાદ
કોડ નં. જીજે ૦૦૬૮૭